ઇન્દ્રિય=સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય, કાયબળ, વચનબળ, ઉચ્છ્વાસ અને આયુષ્ય, એમ નવ પ્રાણ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો, તિર્યંચ, નારકી અને દેવતાને દસ પ્રાણ હોય છે અર્થાત્ પાંચેય ઇન્દ્રિયો, કાયબળ, વચનબળ અને મનોબળ, ઉચ્છ્વાસ અને આયુષ્ય એમ દસ પ્રાણ હોય છે.

સંસારી જીવો દેહધારી છે, અને દેહ સાથે ઇન્દ્રિયો અને મન-વચન-કાયાનાં ત્રણ બળો જોડાયેલાં હોય છે, અને ઉચ્છ્વાસ શક્તિ અને આયુષ્યકર્મ હોય છે. આ શરીર અને દશ પ્રાણોના બળથી સંસારી જીવો સંસારની જીવન વ્યવસ્થા ચલાવે છે, સંસારની પ્રવૃત્તિ કરે છે, કર્મ બાંધે છે અને સંસારપરિભ્રમણ કરે છે.

વળી, સંજ્ઞીપંચેન્દ્રિય થયેલા જીવો આ દસ પ્રાણના બળથી યોગમાર્ગને પામીને સંસારના ઉચ્છેદમાં પણ યત્ન કરે છે. તેથી આ દસ પ્રાણ જેમ જીવન વ્યવસ્થાનાં અંગો છે, તેમ કર્મબંધને અનુકૂળ મલિનભાવો કરવાનાં પણ કારણ છે, અને વિવેકચક્ષુ પ્રગટ થાય તો પંચેન્દ્રિયપણાને પામીને જીવ આ દસ પ્રાણના બળથી શુભઅધ્યવસાયો કરે છે અને સંસારનો ઉચ્છેદ પણ કરે છે. **॥૭॥**

## (૨) "અજીવતત્ત્વ"નું વર્ણન (ગાથા-૭ થી ૧૫)

**અવતરણિકા :-**

**ગાથા-૧માં નવતત્ત્વનાં નામ આપ્યાં. ગાથા-૨માં નવે તત્ત્વોના અવાંતર ભેદો કેટલા છે, તેની સંખ્યા બતાવી. પછી નવતત્ત્વમાં પ્રથમ જીવતત્ત્વ હોવાથી જીવતત્ત્વના અનેક ભેદો થાય છે, તેમ ગાથા-૩માં બતાવ્યું, જેથી અન્ય તત્ત્વોના પણ તે રીતે અનેક ભેદો થઈ શકે તેમ જ્ઞાન થાય. ત્યારપછી ગાથા-૨માં જીવતત્ત્વના ૧૪ ભેદો છે તેમ કહેલ, તેથી ગાથા-૪માં જીવતત્ત્વના ૧૪ ભેદો બતાવ્યા, અને ગાથા-૫માં જીવનું લક્ષણ બતાવ્યું, જેથી જીવતત્ત્વ શું છે, તેનો બોધ થાય. ત્યારપછી જીવતત્ત્વના ચૌદ ભેદોમાં પર્યાપ્ત-અપર્યાપ્તના ભેદો છે, તેથી પર્યાપ્તિ કેટલી છે અને કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય તે ગાથા-૬માં બતાવ્યું, જેથી જીવના સ્વરૂપનો કંઈક વિશેષ બોધ થાય. ત્યારપછી સંસારી જીવો દસ પ્રાણમાંથી યથાયોગ્ય પ્રાણના**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**બળથી જીવે છે, તેથી ગાથા-૭માં દસ પ્રાણ કયા છે અને કોને કેટલા પ્રાણ હોય તે બતાવ્યું. આ રીતે સંક્ષેપથી જીવતત્ત્વનો બોધ કરાવ્યો. હવે ક્રમપ્રાપ્ત અજીવતત્ત્વના ચૌદ ભેદો બતાવે છે –**

**ગાથા :-**

**धम्माधम्मागासा, तिय-तिय-भेया तहेव अद्धा य ।**
**खंधा देस पएसा, परमाणु अजीव चउदसहा ।।८।।**

**ગાથાર્થ :-**

**ધર્મ, અધર્મ અને આકાશના ત્રણ ત્રણ ભેદો તથા અદ્ધા=કાળ અર્થાત્ કાળનો એક ભેદ, અને સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ= પુદ્ગલના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર ભેદો છે. આ રીતે અજીવ તત્ત્વના ચૌદ ભેદો છે. ।।૮।।**

**ભાવાર્થ :-**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલાસ્તિકાય એમ કુલ પાંચ અજીવ દ્રવ્યો છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય ત્રણે એક એક દ્રવ્ય છે, કાળ એક સમયરૂપ એક દ્રવ્ય છે, અને પુદ્ગલ દ્રવ્યો અનંતા છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય ત્રણેયના દરેકના ત્રણ ત્રણ ભેદો છે : (૧) સ્કંધ, (૨) દેશ અને (૩) પ્રદેશ.

તેમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશાત્મક એક એક દ્રવ્ય છે, અને આકાશાસ્તિકાય અનંતા પ્રદેશાત્મક એક દ્રવ્ય છે. આ ત્રણે દ્રવ્યોના વિવક્ષાથી સ્કંધ, દેશ, પ્રદેશ એમ ત્રણ ભેદ કહેલ છે.

કાળ એક સમયરૂપ એક દ્રવ્ય છે અને ભૂતકાળ અને ભવિષ્યકાળની અપેક્ષાએ અનંત દ્રવ્ય છે. છતાં વર્તમાનમાં એક સમયરૂપ કાળનો એક જ ભેદ છે.

પુદ્ગલ દ્રવ્યો અનંતા છે. વિવક્ષાથી=આ પ્રકારના ભેદ પાડવાની દૃષ્ટિથી, પુદ્ગલોના ચાર ભેદ કહેલ છે. (૧) સ્કંધ (૨) દેશ, (૩) પ્રદેશ અને (૪) પરમાણુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org